ગાંધીનગર સમાચાર
તા. ૨૮-૬-૨૦૧૪, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

# પાણી પહેલાં પાળ બાંધતી સરકાર

રાજયમાં વરસાદ ખેંચાઇ જતાં અને હજી આગામી બે અઠવાડિયા સુધી વરસાદ પડે એવું વાતાવરણ નહીં જણાતા આનંદીબેન પટેલના નેતૃત્વ હેઠળની ભાજપ સરકારે આવી પડનારા પડકાર સામે આગોતરાં પગલાં ભરવાનું આયોજન કરી દીધું છે. ગુજરાત આમ પણ ઓછા વરસાદવાળું રાજય ગણાતું રહ્યું છે. કયારેક ઋતુચક્રના ફેરફારથી અતિવૃષ્ટિ પણ થતી રહે છે, પરંતુ સામાન્ય રીતે ગુજરાત પાણીની અછત અનુભવતું રાજય છે. દુકાળનાં વર્ષો દરમિયાન પ્રજાને પીવાના પાણીના ય સાંસા પડતા હોય છે. અમરસિંહ ચૌધરીના શાસનકાળ દરમિયાન સતત ત્રણ વરસ દુકાળ જેવી પરિસ્થિતિ સરજાયેલી તે ઘણાને યાદ હશે. આ વખતે વરસાદી વાતાવરણ બંધાવાનાં એંધાણ છેક જૂનના અંત પર્યંત વરતાયા નથી. સામાન્ય સંજોગોમાં જૂનના બીજા પખવાડિયામાં ખેતીલાયક વરસાદ પડી જતો હોય છે, એને બદલે 'અષાઢસ્ય પ્રથમ દિવસે' પણ ગુજરાત કોરું ધાકોર રહે, તે સંભવિત અછતનો જ સંકેત છે. મુખ્યમંત્રીશ્રી પોતે ખેડૂત પરિવારનું ફરજંદ હોઇ આકાશી ખેતી પર નભતા ગુજરાતના મહેનતકશ કિસાનો તથા એમના પરિવાર સમાં ઢોરઢાંખરની પીડા સુપેરે સમજી શકે છે. વીસેક જિલ્લાઓમાં પીવાના પાણીની તીવ્ર તંગી સરજાવાની શક્યતા લાગતા મંત્રીમંડળની પેટાસમિતિની બેઠક યોજી આવા જિલ્લાઓનાં પ્રભારી સચિવોને જે તે જિલ્લાઓની રૂબરૂ મુલાકાત લઇ જળાશયોની સ્થિતિ, ઘાસચારાની ઉપલબ્ધિ અને વૈકલ્પિક પાક માટે જરૂરી બિયારણ તથા ખાતરની ઉપલબ્ધિ જેવી બાબતો અંગે સમીક્ષા કરી એક સપ્તાહમાં સરકારને અહેવાલ સુપરત કરવાનો આદેશ કરાયો છે. સરદાર સરોવર ડેમના મુખ્ય સ્રોત ઉપરાંત અન્ય જળાશયોનાં પાણીનું સંકલન ગોઠવી તંગીગ્રસ્ત વિસ્તારોને પીવાનું પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરાશે. વળી ઘાસચારાની તંગી નિવારવા કેનાલોની આસપાસ ઘાસ ઉગાડવાનું તથા રોકડિયા પાકો - જુવાર, બાજરી ઉપરાંત તલ, એરંડા વગેરેમાં બિયારણ અને તે માટે જરૂરી ફર્ટિલાઇઝર્સ મળી રહે, એની પણ આગોતરી વ્યવસ્થા કરવા જણાવાયું છે. રાજયના મોટા ડેમોમાં પુરતું પાણી છે, એટલે પીવાના પાણીની અછળ ધરાવતા વિસ્તારોમાં ટેન્કરોથી પાણી પહોંચાડી શકાશે. અત્યારે રાજયના કચ્છ, જામનગર, દ્વારકા, જુનાગઢ, ગીર-સોમનાથ, અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગર, બનાસકાંઠા અને પાટણ સહિત કુલ દસ જિલ્લાઓમાં ૧૧૭ ગામો અને ૪૩ પરામાં ટેન્કરો મારફત પેયજળ પહોંચાડવામાં આવી રહ્યું છે. આગામી દિવસોમાં વરસાદ વધુ ખેંચાશે તો અન્ય જિલ્લાઓમાં પણ ટેન્કરો દ્વારા પીવાનું પાણી પહોંચાડવું જરૂરી બનશે. ગત વર્ષે અત્યાર સુધીમાં મોસમના કુલ વરસાદના ૨૩ ટકા જેટલો વરસાદ પડી ગયો હતો. આ વર્ષે ફક્ત ૩.૬ % જ વરસાદ પડ્યો હોઇ તંત્ર સામે મોટો પડકાર ઊભો થયો છે. કૃષિ વિકાસને અગ્રતા ક્રમે મુકી આગળ વધવા કૃતસંકલ્પ મહિલા મુખ્યમંત્રી માટે આ 'પ્રથમ ગ્રાસે મક્ષિકા' જેવો ઘાટ સરજાયો છે. આવી પડનારી અર્ધઅછત કે અછતની પરિસ્થિતિનો સામનો કરવા માટે રાજય સરકારે કદાચ એના વિકાસ કાર્યો થંભાવવાની પણ ફરજ પડે તો નવાઇ નહીં. રેલ્વેનાં નૂર-ભાડાં વધતાં ગુજરાતને મળનાર કોલસો મોંઘો પડવાનો છે, આવી પરિસ્થિતિમાં જરૂર પડ્યે કેન્દ્ર સરકાર પાસે મદદ માટે હાથ લંબાવવાની પણ સરકારે તૈયારી રાખવી જ રહી. આશ્વાસન એ મુદ્દે છે કે કેન્દ્ર સરકાર ગુજરાતની વાજબી માગણી મંજૂર કરવામાં જરા છે કે કેન્દ્ર સરકાર ગુજરાતની વાજબી માગણી મંજૂર કરવામાં જરા પણ વિલંબ નહીં કરે. મોસાળમાં જમવાનું હોય અને મા પીરસનારી હોય - એવી સાનુકૂળતાને કારણે ગુજરાત સરકાર કેન્દ્રની મદદના મુદ્દે આશ્વસ્ત અને નિશ્ચિંત હોય તે સ્વાભાવિક છે.




## સન્ડે સ્કૂલમાં પ્રયોગ કરતા વિદ્યાર્થીઓ

સેક્ટર-૨ ઉમાં આવેલ નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે વેકેશન પૂર્ણ થતા સન્ડે સ્કૂલ ધમધમવા લાગી છે. રવિવારના રોજ સેન્ટર ખાતે ધોરણ-૫ થી ૧૦ ના વિદ્યાર્થીઓ દ્વારા વિજ્ઞાનલક્ષી પ્રયોગો કરવામાં આવે છે. પોતાની આગવી શુઝ દ્વારા વિદ્યાર્થીઓ વિજ્ઞાનલક્ષી પ્રયોગો કરતા દશ્યમાન થાય છે. તેમની સાથે શિક્ષક હાર્દિક મકવાણા અને શિવાંગ પટેલ વિદ્યાર્થીઓને માહિતી પુરી પાડી રહ્યા છે.

# સેક્ટર-૭ સરદાર પટેલ વિદ્યામંદિરના વિદ્યાર્થીઓએ પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૨૭

દુનિયામાં ખાખી વર્દીનો ખૌફ ખુબ જ છે. લોકો પોલીસને જોઈને દૂર જ ભાગતા હોય છે. પોલીસનો ડર મોટાઓને પણ ધ્રુજાવી નાંખે છે. ત્યારે નાના બાળકોનું તો પુછવુ જ છુ ત્યારે ખાખી વર્દીનો ડર બાળકોમાંથી નિકળી જાય અને પોલીસ હંમેશા સામાન્ય માણસની સેવા માટે જ છે તે સમજવા માટે સેક્ટર-૭ સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિરના શિક્ષકો દ્વારા પોલીસ સ્ટેશનની મુલાકાત કરાવવામાં આવી હતી.

સેક્ટર-૭ માં આવેલ સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિરના વિદ્યાર્થીઓ પોલીસ સ્ટેશનની કામગીરીથી વાકેફ થાય અને પોલીસનો ડર દૂર થાય તે માટે શાળા સંચાલકો દ્વારા સેક્ટર-૭ પોલીસ સ્ટેશનની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. શાળાના શિક્ષકો આર.ઝેડ. ગાવીત અને હેતલ દેસાઈ દ્વારા વિદ્યાર્થીઓને પોલીસ ઈન્સ્પેક્ટર કે.એમ. જોસેફની મુલાકાત લેવામાં આવી હતી.

મેડમ જોસેફ વિદ્યાર્થીઓને પોલીસ અને પ્રજા વચ્ચેની તેમજ કાયદાઓની માહિતી આપી હતી. મેડમ જોસેફે વિદ્યાર્થીઓને અલગ અલગ ગુન્હા વિશે માહિતી તેમજ તેમાં કેવા પ્રકારની સજાની જોગવાઈ કરવામાં આવી છે તેની માહિતી આપી હતી.

ત્યારબાદ વિદ્યાર્થીઓને પી.એસ.ઓ.ની મુલાકાત કરાવવામાં આવી હતી. પી.એસ.ઓ.એ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે દરેક પોલીસ સ્ટેશનમાં ચોવીસ કલાક પી.એસ.ઓ. હોય છે. તેના દ્વારા જ દરેક ફરિયાદ નોંધવામાં આવે છે. અધિકારી દ્વારા વિદ્યાર્થીઓને એ.આઈ.આર. બતાવી માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે કોઈ પણ પ્રકારના ગુનાની નોંધ આપણે ગમે ત્યારે મેળવી શકીએ છીએ.

નાના બાળકો જ્યારે મુશ્કેલીમાં હોય ત્યારે તેમણે ૧૯૮ નંબરનો ઉપયોગ કરવો જોઈએ. બાળક આ નંબર સમસ્યા જણાવી શકે છે અને તેનું નામ પણ ખાનગી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ સપ્તાહમાં બે કલાક આપવામાં આવશે તેમ જણાવ્યું હતું.



## શહેરમાં થીએટર વર્કશોપ

ધ એર્થીંગ ગૃપ દ્વારા વિદ્યાર્થીઓ માટે શહેરના વિવિધ વિસ્તારોમાં થીએટર વર્કશોપ યોજવામાં આવ્યા હતા. બે દિવસીય વર્કશોપમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા. જેમાં વિદ્યાર્થીઓને થીએટરની સાથે જીવન ઘડતર વિશેની તાલીમ આપવામાં આવી હતી. રંગમંચ પર કેવી રીતે પર્ફોમ કરવું. કોમ્યુનિકેશન સ્કીલ, યાદશકિતની કળા જેવી બાબતોનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ વિદ્યાર્થીઓને સોશ્યલ મિડિયાના લાભ અને ગેરલાભ, પર્યાવરણ બચાવો, ભણતરનું મહત્વ, બાળ મજૂરી જેવા વિષયો પર નાટકો રજૂ કરવામાં આવ્યા હતા.

## મહર્ષિ અત્રિ માધ્યમિક શાળામાં વ્યસન મુક્તિ દિન ઉજવાયો

મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા દ્વારા ૨૬મી જૂનના દિવસે આંતરરાષ્ટ્રીય વ્યસન વિરોધ દિન નિમિત્તે શાળામાં વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. નશાબંધી અને આબકારી ખાતા અમદાવાદ તથા શાળાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ હતો. જેમાં નશાબંધી અને સાબરકાંઠા ડેપ્યુટી ડાયરેક્ટર અને અધિકારીઓ તેમજ શાળાના ટ્રસ્ટી ઉપસ્થિત રહ્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા. પ્રથમ ફોરમ સુધીરભાઈ, બીજા પટેલ આદર્શ ભરતભાઈ, ત્રીજા ક્રમે પુરોહિત ધ્રુવી મુકેશભાઈ રહ્યા હતા.

## અભિનંદન



ગુજરાત યુનિવર્સીટી દ્વારા વર્ષ-૧૩-૧૪ માં લેવાયેલ બી.એડ્.ની પરીક્ષામાં વારાહી એજ્યુકેશન કોલેજ ડી. કેબીન, સાબરમતી, અમદાવાદની વિદ્યાર્થીની કૃણાલી શૈલેષભાઈ જાની ૯૨ ટકા સાથે ગુજરાત યુનિવર્સીટીમાં બીજા ક્રમે ઉતિર્ણ થયેલ છે. વારાહી એજ્યુકેશન કોલેજના પ્રિન્સીપાલ ડો. રનિલ પટેલ, વારાહી શિક્ષણ સંકુલ પરિવાર કૃણાલીને હાર્દિક શુભેચ્છા પાઠવે છે.

## પીએચ.ડી.ની પદવી મેળવી

કાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી ખાતે ફરજ બજાવતા પંકજ કૃષ્ણકાંત ઠાકરે ગુજરાત યુનિવર્સિટીના ભાષા સાહિત્ય ભવનના સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. વસંતકુમાર ભટ્ટના માર્ગદર્શન હેઠળ 'ઉત્તરરામચરિતસ્ય ટિકકારયોર્વીર રાઘવ ઘનશ્યામયોસ્લનાત્મક મધ્યયનમ્' વિષય પર મહાશોધ નિબંધ રજુ કર્યો હતો. જેને ગુજરાત યુનિવર્સિટીએ માન્ય રાખી પીએચડીની પદવી એનાયત કરી છે.

## હરિની દૃષ્ટિ...



થેન્ક્યુ સાહેબ, તમે મને ખાલી એવું કહ્યું કે ટ્રાફિક સેન્સ નથી, બાકી ઘરે વાઇફ તો એવું કહે છે કે, તમારામાં કોઇ જ જાતની સેન્સ નથી...!!

# વાવોલની એમ.બી. પટેલ વિદ્યાલયમાં ગણવેશ વિતરણ કરવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૨૭

વાવોલમાં આવેલ શ્રી એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલયમાં ગણવેશ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જિલ્લા વિકાસ અધિકારી મેકવાન સાહેબના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો હતો.

પાટનગરની પાસે આવેલ વાવોલ ગામમાં આજ રોજ શ્રી એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલયમાં શાળાના વિદ્યાર્થીઓને ગણવેશ વિતરણ કરવામાં આવ્યા હતા. શાળાના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તે હેતુથી પૂર્વ પ્રાધ્યાપક પૃથ્વીભાઈ શાહના માતૃશ્રી ના સ્મરણાર્થે બાળકોને કંપાસબોકસ, લંચબોકસ, ચોપડા અને માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓને સુંદર ટાઈ આપવામાં આવી હતી. શાળાની ૩૨ વિદ્યાર્થીનીઓને ગણવેશ આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી મેકવાન સાહેબ અને પૂર્વ પ્રાધ્યાપક પૃથ્વીભાઈ શાહને પ્રગતિ મંડળ વાવોલ દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. પ્રમુખ પોપટભાઈ પટેલ, ઉપપ્રમુખ કુબેરસિંહ ઝાલા, મંત્રી રઘુસિંહ ગોલ, સહમંત્રી અમરસિંહ ગોલ, સરપંચ કમલેશસિંહ ગોલ મંડળના સભ્યો અને શાળાના આચાર્યો ઉપસ્થિત રહ્યા હતાં.

# મેઘદૂતમાં યક્ષ વાદળ સાથે યક્ષિણીને સંદેશો મોકલે છે; શીલરનું 'મારિયા સ્ટુઅર્ટ' છે, તે મૃત્યુદંડની સજા પામેલી સ્કાર્ટોની કેદગ્રસ્ત રાણી છે, તે પોતાના પ્રિયજનને સ્કોટલેન્ડ વાદળ સાથે સંદેશ મોકલે છે

## ॥ આષાઢસ્ય પ્રથમ દિવસે ॥ પ્રસંગસર

- રશ્મિકાન્ત મહેતા

આજે અષાઢ મહિનાના પ્રથમ દિવસે બે પ્રશિષ્ટ સાહિત્યકૃતિઓનું સ્મરણ થઈ જાય છે : મહાકવિ કાલિદાસનું 'મેઘદૂત' અને મોહન રાકેશનું 'આષાઢ કા એક દિન!' બંનેમાં કથાનો પ્રારંભ આ દિવસ સાથે સંકળાયેલો છે.

'મેઘદૂત' ૧૨૦ શ્લોક ધરાવતું 'પૂર્વ મેઘ' અને 'ઉત્તર મેઘ' એ બે ભાગ ધરાવતું ખંડકાવ્ય વિરહની સંવેદનાને રસાળ શૈલીમાં પ્રગટ કરતું ઊર્મિકાવ્ય છે. આ સંવેદનાને વહેતી રાખવા મંદાક્રાન્તા છંદનો અહીં સરસ ઉપયોગ છે. ઈ.૧૮૧ ઉમાં હેન્રી વિલ્સને અંગ્રેજીમાં આ કાવ્યનો પદ્ય અનુસાર આપ્યો હતો. જર્મન કવિ ગ્યુઈથેએ આ વાંચીને 'મેઘદૂત' માટે પણ પ્રશસ્તિકાવ્ય રચ્યું હતું. આ કાવ્યનો પ્રભાવ જર્મન કવિ શીલર ઉપર હતો.

મેઘદૂતમાં યક્ષ વાદળ સાથે યક્ષિણીને સંદેશો મોકલે છે; શીલરનું 'મારિયા સ્ટુઅર્ટ' છે. તે મૃત્યુદંડની સજા પામેલી સ્કાર્ટોની કેદગ્રસ્ત રાણી છે, તે પોતાના પ્રિયજનને સ્કોટલેન્ડ વાદળ સાથે સંદેશ મોકલે છે. ગુજરાતીમાં 'મેઘદૂત' કાવ્યના ૪૦ અનુવાદો થયા છે. તેમાં સૌથી પહેલો અનુવાદ અમદાવાદના કિલાભાઈ ઘનશ્યામનો ઈ.૧૯૧ ઉમાં પ્રકાશિત થયેલો છે. આ કાવ્યની પ્રસિદ્ધિ એવી છે કે એના ઉપર ૫૦ વ્યાખ્યાઓ લખાઈ છે. મેઘદૂત સંદેશ કાવ્ય છે, તો તેને અનુસરીને સંસ્કૃતમાં સંદેશ કાવ્યોની પરંપરા થઈ ગઈ છે.

કૈલાસપર્વતની ઉત્તરે અલકા નગરી હતી. તેના એક યક્ષને કુબેરનો શાપ મળ્યો હતો કારણ કે તે પોતાની પત્ની સાથેના સહવાસમાં પોતાની ફરજમાં બેદરકાર બન્યો હતો. એક વર્ષ માટે તેને પત્નીથી વિખૂટા રહેવાનું હતું, તેથી તે રામગીરીનાં આશ્રમમાં આવીને રહ્યો હતો. આઠ મહિના તો એણે જેમ તેમ પસાર કરી નાખ્યા. પરંતુ અષાઢનો પહેલો દિવસ હતો અને મેઘે ગિરિશિખરને આલિંગન આપ્યું. આ મેઘને જોઈને યક્ષની વિરહવેદના તીવ્રતમ થઇ ગઇ. એ 'મેઘ અચેતન છે' એ ભૂલી ગયો અને મેઘ સાથે જ પોતાની યક્ષિણીને સંદેશો આપવાનું તેણે નક્કી કર્યું. પહેલાં તેણે રામગિરિથી અલકા સુધીનો ગન્તવ્ય માર્ગ કહ્યો, પછી યક્ષિણીને માટેનો સંદેશો કહ્યો. છેલ્લે મેઘને શુભેચ્છા આપી કે તારો વીજળી સાથે કયારેય વિયોગ ન થાવ. યક્ષની મેઘને દૂત તરીકે મોકલવાની ઘટના અષાઢના પહેલા દિવસે બની છે.

આષાઢસ્ય પ્રથમ દિવસે મેઘમાશ્લિષ્ટસાનું
વપ્રક્રીડા પરિણત ગજ પ્રેક્ષણીયં દદર્શ ॥

શ્રી જયન્ત પંડ્યાએ 'મેઘદૂત'નો સમશ્લોકી અનુવાદ આપ્યો છે. આ બીજા શ્લોકના ઉત્તરાર્ધનો એમનો અનુવાદ છે -

ત્યાં આષાઢે પ્રથમ દિવસે શૃંગછાયો સુરમ્ય,
માથું ખોસી ગિરિ શું રમતા હાથી શો મેઘ દીઠો,

પ્રસિદ્ધ ચિત્રકાર રાજા રવિ વર્માએ ઈ.૧૮૭૮માં એક ચિત્ર બનાવ્યું હતું, તેમાં યક્ષ મેઘને યક્ષિણી માટેનો સંદેશો કહી રહ્યો છે. ભારત સરકારના ટપાલ વિભાગે આ ચિત્રને આધારે સ્ટેમ્પ તૈયાર કરાવી, બીજી સ્ટેમ્પ શાંકુતલના ચિત્રને આધારે તૈયાર કરાવી. આ બંનેનું લોકાર્પણ કરાવ્યું તે દિવસ અષાઢનો પહેલો દિવસ હતો - ૨૨ જૂન ૧૯૬૦.

રામગિરિથી અલકા સુધીનો માર્ગ કાલિદાસના ચરણો નીચેથી પસાર થયેલો હોય, તે નિશ્ચિત છે. યક્ષની ઘટના કાલિદાસના પોતાના જીવનની હોય તે સંભવિત છે. આ રામગિરિ પાસેના આદિવાસીઓના લોકગીતમાં કાલીની વાત આવે છે. કાલીએ આ ટેકરી પર ઊભો રહીને, વાદળને પોતાની વ્યથા કહી હતી.

મોહન રાકેશનું ત્રિઅંકી નાટક 'આષાઢ કા એક દિન' ૧૯૫૮માં પ્રકાશિત થયું છે. અહીં પણ કથાવસ્તુનો ઉઘાડ અષાઢના પ્રથમ દિવસનો છે. મલ્લિકા નામની ગ્રામ યુવતી વરસાદમાં પલળીને ઘરમાં પ્રવેશે છે. તેનું પ્રથમ જ વાક્ય છે - 'આષાઢ કા પહેલાં દિન ઔર ઐસી વર્ષા!' ઉજ્જયિની પાસેનું આ ગ્રામ છે. મલ્લિકા કાલિદાસની પ્રેયસી છે. સંયોગવશાત્ કાલિદાસ એનાથી છૂટા પડી જાય છે. જાણે કે યક્ષ છે તે કાલિદાસ છે; અને યક્ષિણી છે, તે મલ્લિકા, છેક નાટકને અંતે તેઓ મળે છે ત્યારે પણ અષાઢનો પ્રથમ દિવસ. પણ આ મિલન ચિરસ્થાયી બનતું નથી.

આજે પણ અષાઢનો પહેલો દિવસ છે - ત્યારે આ દિવસ સાથે સંકળાયેલા આ બધા સંસ્મરણો હૃદયને રોમાંચિત કરી દે છે.

સંદર્ભ -

(૧) મેઘદૂત : રજનીકુમાર પંડ્યા
(૨) મેઘદૂત : એક જૂની વાર્તા - નવી વ્યાખ્યા : હજારી પ્રસાદ ત્રિવેદી
(૩) મેઘદૂત : ગાંધી સાક્ષરતા નિકેતન
(૪) આષાઢ કા એક દિન : મોહન રાકેશ



## WEEKEND CREATIONS...

- BHARVI DANI (HILLWOODS SCHOOL, CLASS-VIII)

## FIFA FEVER

**Hi friends,**

These are the months of FIFA (Federation Of International Football Association). The most awaiting months of the football fans. There is a FIFA fever all around the world. Football is a game which needs lot of energy and strength. It is a tiring game. 32 teams play and are selected from all around the world. From that only 16 teams can get entry in the semi-finals. The booking of tickets for FIFA World Cup held in advance. This time Brazil is hosting the FIFA World Cup. Everyone is very excited to cheer and see their favourite player play live. Football is the most evergreen game. It is loved by both elders an children. There are many teams which play well. There are also many teams which get rejected and eliminated. Every football fan has his own favourite player and team. In the field one team is rival of another team. The rules in football must be followed by each and every player, if the player does not follow the rules then he is out of the game.

There are special tricks and methods to take away or snatch the ball from the rival team. There are 8 most favourite players of football. But the 2 most favourite players are LIONEL MESSI and CHRISTANO RONALDO. There are 32 teams but some famous teams of the fans are Brazil, Argentina, Spain, Costa Rica, Coloumbia, Italy etc.

India is not playing football and has no team but India too has the same craze for football like other countries. The famous football player from Kolkata is Baichung Bhutia. Football is the only game which is played by each and every country of the world, so the fever is on.